| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | ૨૨/૬/૨૦૨૪ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

## મે. રાજકોટના જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.(ટ્રાફીક) સાહેબશ્રીની કોર્ટમાં,

**ક્રીમી. કેસ નં.૨૭૫૪૨/૨૨**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** – રાજુ બટુક મકવાણા

## ગુનો – ધી. ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ મુજબ...

**–ઃ ચુકાદો ઃ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો પ્રતિબંધીત મુદામાલ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પોતાના કબજામા રાખી પ્રોહી.૬૫એએ મુજબનો ગુનો કરેલ છે જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામા આવેલ.

આરોપી હાજર થતા તેને નકલો આપવામા આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓની તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામા આવેલ છે તેમ છતા તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોય અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે આરોપીની સામે તહોમતનામુ ફરવામી ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમા ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. વધુમા મૌખિત રજુઆત કરતા જણાવેલ છે કે અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ. અમો અમારા કુંટુબના વડીલ વ્યક્તી છીએ અમારી પ્રથમ ભુલ છે. અમોને ગુના કર્યાનો પસ્તાવો થાય છે અમો હવેથી અન્ય ગુનો ના થાય તેનુ ધ્યાન રાખીશુ અમારૂ કુંટુંબ અમારા ઉપર નિર્ભર છે જેથી અમારી કબીલાત સ્વીકારવા તેમજ કાયદામા ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામા આવેલ છે તેમ છતા તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત હકીકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ક.૬૫એએ ના ગુનાની સજાની કેદ જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ જેમાં ઓછામાં ઓછી સજાની કોઇ જોગવાઇ નથી જેથી તેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે.ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. આમ સદર કેસની હકીકત જોતા આરોપીની વયોવૃધ્ધ ઉમર જોતા, આરોપીની શારીરિક અને આર્થિક પરીસ્થીતી જોતા તેમજ તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુના જોતા અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખતા આરોપીઓની કબુલાત સ્વીકારવાથી અને ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// **<u>હુકમ</u>** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ મુજબના ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.આરોપીને ઉપરોકત ગુનો કરવા બદલ રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ પ્રતિબંધીત મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નીયમો મુજબની નાશ કરવાની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ કિંમતી મુદામાલ જેમ કે વાહન, વાસણ, મોબાઈલ વિગેરે કબજે થયેલ હોય તો તે બાબતે થયેલ વચગાળાનો હુકમ કાયમી કરવામા આવે છે. અને જો કોઈ વચગાળાનો હુકમ ન હોય તો મુદામાલની માલીકની તપાસ અને ખરાઈ કરી તેના માલીકને અપીસ સમય વિત્યા બાદ પરત કરવાનો હુકમ કરવામા આવે છે.**

હુકમ આજ તા.૨૨–૬–૨૦૨૪ ની ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૨૨–૬–૨૦૨૪
સ્થળઃ રાજકોટ.

સ્પે.સીટીંગ મેીજસ્ટ્રેટ તથા
ઈ.ચા.જયુડી. મેજી. ફ. ક.
(ટ્રાફીક), રાજકોટ.